# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:-

**વિષય :- નામદાર સુપ્રીમ કોર્ટના ક્રીમીનલ અપીલ નં-૩૧૭૭/૨૦૨૫ (એસ.એલ.પી.નં.૬૩૭૮/૨૦૨૪) સુખદેવ સહા વિ.આંધ્રપ્રદેશ અને અન્યના તા.૨૫/૦૭/૨૦૨૫ ના ચુકાદા અન્વયે વિધાર્થીઓની માનસીક હાલતની સુરક્ષા માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમોની અમલવારીની વિગતો આપવા બાબત.**

**સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક CHE/PRO/e-file/103/2025/1133/university તા.૧૮/૦૯/૨૦૨૫.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શીત પત્ર અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એડ તથા પ્રાઈવેટ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, નામદાર સુપ્રીમ કોર્ટના ક્રીમીનલ અપીલ નં-૩૧૭૭/૨૦૨૫ (એસ.એલ.પી.નં.૬૩૭૮/૨૦૨૪) સુખદેવ સહા વિ.આંધ્રપ્રદેશ અને અન્યના તા.૨૫/૦૭/૨૦૨૫ના ચુકાદા અન્વયે વિધાર્થીઓની માનસિક હાલતની સુરક્ષા માટે આપની સંસ્થા દ્વારા નિયમોની અમલવારી માટે NTF - અંતર્ગત અત્યાર સુધી પૂર્ણ થયેલ કાર્યોની વિગતો એક્શન ટેકન રીપોર્ટ આ સાથે સામેલ ગુગલ ફોર્મમાં વહેલાસર ભરી મોકલવાની રહેશે.

**નોધ. સંદર્ભદર્શિત પત્ર સાથે જણાવેલ તમામ મુદાઓ સાથે સંસ્થાના સહી સિક્કા સાથેની PDF અને વિગતો નીચે આપેલ લીંક પર તાત્કાલિક મોકલી આપવી.**

(A) NTF-અંતર્ગત Emergency Support Committee (તાત્કાલિક સહયોગ સમિતિનું) સંગઠન કરવાનું હોવાથી, નીચે આપેલ ગૂગલ લિન્કની માહિતી ભરીને દિન ૨- માં બિનચૂક મોકલવી. ગુગલ ફોર્મ લિંક : https://forms.gle/4bi1ksxZiB4Z9Ypt8

(B) જે સંસ્થાઓએ હોસ્ટેલની સુવિધા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરે છે, એમણે નીચે આપેલ (B) ગૂગલ લિન્કની માહિતી ભરીને દિન -૧માં બિનચૂક મોકલવી. ગુગલ ફોર્મ લિંક : https://forms.gle/B7gYbXPzmvavaGjB7

(C ) NTFના નોડલ ઓફિસર્સની વિગતો નીચે આપેલ ગૂગલ લિન્ક (C )ભરીને દિન ૨- માં બિનચૂક મોકલવી. ગુગલ ફોર્મ લિંક : https://forms.gle/nLyuBWwN8MAVAWce8

કા. કુલસચિવશ્રી

ક્રમાંક/બીકેએનએમયુ/રજી./NTF/૧૬૨/૨૦૨૫.
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,જુનાગઢ.
તા. ૨૨/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એડ તથા પ્રાઈવેટ તમામ કોલેજનાં આચાર્યશ્રી તરફ...

બિડાણ :

- સંદર્ભદર્શીત પત્રની નકલ

નકલ રવાના જાણ અર્થે : -

- ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર.
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, બીકેએનએમયુ, તરફ.....
- આઈ.ટી. સેલ, બીકેએનએમયુ (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ..)

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ટોચ અગ્રતા/કોર્ટ મેટર

CHE/PRO/e-file/103/2025/1133/UNIVERSITY
18/09/2025

પ્રતિ,
રજીસ્ટ્રાર શ્રી તમામ યુનિવર્સિટીઓ,
આચાર્યશ્રી,તમામ સરકારી ,અનુદાનિત,સ્વનિર્ભર કોલેજો

વિષય- નામદાર સુપ્રીમ કોર્ટના ક્રીમીનલ અપીલ નં-૩૧૭૭/૨૦૨૫ (એસ.એલ.પી.નં૬૩૭૮/૨૦૨૪) સુખદેવ સહા વિ.આંધ્રપ્રદેશ અને અન્યના તા.૨૫/૦૭/૨૦૨૫ ના ચુકાદા અન્વયે વિધાર્થીઓની માનસિક હાલતની સુરક્ષા માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમોની અમલવારીની વિગતો આપવા બાબત

સંદર્ભ- ૧.અત્રેની કચેરીનો તા.૧૯/૦૮/૨૦૨૫નો પત્રાંક CHE/0100/08/2025
૨.અત્રેની કચેરીનો તા.૨૫/૦૮/૨૦૨૫ નો પત્રાંક CHE/0123/08/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે તમામ સરકારી કોલેજ, ગ્રાન્ટ-ઇન-એડ કોલેજ, પ્રાઇવેટ કોલેજ તથા તામામ સરકારી અને પ્રાઇવેટ યુનિવર્સિટીના NTF-ના તમામ નોડલ ઓફિસર્સને જણાવવાનું કે NTF-અંતર્ગત આપ સૌ એ સંસ્થા દ્વારા અત્યાર સુધી પૂર્ણ થયેલ કાર્યોની વિગતો એક્શન ટેકન રિપોર્ટ દ્વારા આપવાની રહેશે.

1. કોલેજ કેમ્પસમાં મુકાયેલ બેનર્સ અને હેલ્પલાઇન નંબરના બેનર્સ, તથા નજીકની રેફરલ હોસ્પિટલના અધિકૃત ડોક્ટર્સ મોબાઈલ નંબર નોટિસ બોર્ડ પર ના પુરાવા રૂપે ફોટોગ્રાફ્સ જેનું કંપાઈલેશન એકજ pdfમાં આપવું.
2. માનસિક સ્વાસ્થ્યની સંભાળ બાબતે યુનિફોર્મ મેન્ટલ હેલ્થ પોલિસી, UMEED, મનોદર્પણ અને National Suicide Prevention Strategy ની ગાઈડલાઇન્સ ધ્યાને લઈ સંસ્થાકીય ગાઈડલાઇન્સ બનાવી સંસ્થાની વેબસાઇટ પર તથા નોટિસ બોર્ડ પર મૂકી તેમના પુરાવા રૂપે ફોટોગ્રાફ્સ જેનું કંપાઈલેશન એકજ pdfમાં આપવું.
3. સંસ્થાના હોસ્ટેલ વોર્ડન માટે આત્મહત્યા નિવારણ જાગૃતિ તાલીમ અને કાર્યક્રમ કાર્યક્રમની વિગતો. ફોટોગ્રાફ્સ અને અહેવાલ એકજ pdfમાં મોકલવી.
4. સંસ્થાના અધ્યાપક માટે TEERTH અંતર્ગત workshop on mental health નું મેળવેલ સર્ટિફિકેટ સામેલ રાખવું.

Scanned with OKEN Scanner

5. ૧૦, સપ્ટેમ્બર વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિતે સંસ્થા દ્વારા થયેલ વિવિધ કાર્યક્રમનો અહેવાલ અને ફોટોગ્રાફ્સ, એકજ pdfમાં સામેલ રાખવું
6. સંસ્થા કક્ષાએ નિમણૂક કરેલ સલાહકાર, માર્ગદર્શક, મનોવિજ્ઞાનિકની વિગતો અને નંબર સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર ડિસ્પ્લે કરાવવાના રહેશે. તેમજ તે ડિસ્પ્લે કાર્ય બાદના ફોટોગ્રાફ્સ અત્રે મોકલી આપવાના રહેશે.
7. પરીક્ષા દરમિયાન ૨૪*૭ દિવસ, માનસિક સ્વાસ્થ્ય અને પરીક્ષા લક્ષી તણાવ અને ચિંતા માટે કાર્યરત હેલ્પલાઇન નંબરની તમામ વિગતો સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર ડિસ્પ્લે કરાવવાના રહેશે. તેમજ તે ડિસ્પ્લે કાર્ય બાદના ફોટોગ્રાફ્સ અત્રે મોકલી આપવાના રહેશે.
8. સંસ્થા કક્ષાએ તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ માટે વિદ્યાર્થીઓની વિવિધ માનસિક અને શારીરિક સમસ્યાઓ અને નિવારણ બાબતે કરેલ જાગૃતિ કાર્યક્રમનો અહેવાલ અને ફોટોગ્રાફ્સ, એકજ pdfમાં આપવું
9. સંસ્થા કક્ષાએ વિદ્યાર્થી-મિત્ર પ્રતિનિધિની કરેલ નિમણૂકની વિગતો મોકલવી.
10. Emergency-Support Committeeના સંગઠન માટે એક મનોચિકિત્સક, એક નજીકની હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ અને એક યોગ્ય લાયકાત ધરાવનાર સલાહકારની સમિતિની વિગતો મોકલવી.
11. Anti-ragging cell, psychology cell, equal opportunity cell, Grievance Cell, caste discrimination cell અને અન્ય સમિતિઓનું ગઠન કરેલ હોય તેના પુરાવા રૂપે અહેવાલ અને ફોટોગ્રાફ્સ, એકજ pdfમાં આપવું
12. ઉપર જણાવેલ તમામ મુદ્દાઓ વિષે સંક્ષિપ્તમાં ફોટોગ્રાફ્સ સાથે સંસ્થાના સહી સિક્કા સાથેનો અહેવાલ મોકલવો.

સંયુક્ત નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગાંધીનગર

**નોંધ:** ઉપર જણાવેલ મુદ્દાવાર સહી સિક્કા સાથેની PDF અને વિગતો નીચે આપેલ લિન્ક પર દિન-૧માં મોકલી આપવાની રહેશે.

https://forms.gle/6HsgBPU4UBzE5c1PA

Scanned with OKEN Scanner